**647510** **0701259E4081** **Seat No :________**

# B.R.S. Semester - 2 (*CBCS*) Examination
# March/April - 2024 (As Per Syllabus Year-2016)
# GUJARATI (ELECTIVE-8)

**Time: 2:00 Hours** **Marks: 50**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના બેમાંથી કોઇપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

પ્રેમનો જન્મ પરસ્પરના સમભાવથી થાય છે. સમભાવ એ પ્રેમનું બીજ છે. એમાંથી જન્મતો પ્રેમ સ્થૂળથી પર છે. એ ચાહે છે પરસ્પરના હૃદયનું આકર્ષણ હૃદયનો વિનિમય પરસ્પરના હૃદયનું પૂજન. ત્યાં સુધી એ સ્વરુપ ઉર્ધ્વગામી છે. દૈવી છે. પરસ્પરને પાવન કરનારું છે. પરંતુ સમભાવથી જન્મેલો પરસ્પરના હૃદયૈક્યને ચાહતો પ્રેમ જયારે સ્ત્રી અને પુરુષ વચ્ચે બંધાય છે ત્યારે એના સ્વરુપને સમજવું ખૂબ જરુરી છે. એના બે પક્ષ છે. એક સૂક્ષ્મ અને બીજું સ્થૂળ. સૂક્ષ્મ માર્ગે જનાર પ્રત્યેક વ્યક્તિ પામીવ્યક્તિનું પૂજન કરે છે. એને હૃદયમાં સ્થાપે છે અને પ્રેમના પૂજન દ્વારા પોતાના હૃદયને પોતાના જીવનને ઉન્નત બનાવે છે. પરંતુ વ્યક્તિ જયારે સ્થૂળ પક્ષે ચાલી જાય છે ત્યારે એ પોતાના વિનાશને નોતરે છે. સ્થૂળ સૌંદર્યને ચાહનારા કદી પણ સુખ પ્રાપ્ત કરી શકનાર નથી જ.

– યોગેન્દ્ર જ ત્રિપાઠી.

અથવા

આપણા શિક્ષણશાસ્ત્રીઓ આપણા છોકરાઓને પઢાવીને પોપટ બનાવી મૂકે છે. અને તેમનાં ભેજામાં અનેક વિષયો ઠાંસી ઠાંસીને મગજને ખરાબ કરી નાખે છે.. આ ઉચ્ચ કેળવણી રહે કે જાય તો પણ એમાં થઇ શું ગયું ? એ કરતાં તો લોકોને જો સહેજ પણ હુન્નર-ઉદ્યોગનું શિક્ષણ મળે તો વધારે સારુ. જેથી નોકરી માટે દોડાદોડી અને બૂમબરાડા પાડવાને બદલે તેમને કામ મળે અને તેઓ રોટલો કમાઇ શકે.. આધુનિક કેળવણીએ તમારું જીવનધોરણ ફેરવી નાખ્યું છે પણ સંશોધન પ્રતિભાના અભાવે સંપત્તિના નવા માર્ગો હજુ વણશોધ્યા પડ્યા છે. આ સહનશીલ જનતાને તમે આજ સુધી કચડી છે. હવે તેનો બદલો લેવાનો વારો આવ્યો છે. તમે નોકરીને તમારું જીવન સર્વસ્વ બનાવીને તેની મિથ્યા શોધમાં જ નાશ પામવાનાં છો.

– સ્વામી વિવેકાનંદ

પ્રશ્ન-૨ નીચેનાં બેમાંથી કોઇપણ એક ગદ્યખંડનો સંક્ષેપ કરો. (૧૪)

એક ભૂલની સજા હું આજ લગી ભોગવી રહ્યો છું. ભણતરમાં અક્ષર સારા લખવાની જરુર નથી. એવો ખોટો ખ્યાલ મારા મનમાં ક્યાંથી આવ્યો એ હું જાણતો નથી. પણ છેક વિલાયત જતાં લગી એ રહ્યો. પછી મુખ્યત્વે કરીને દક્ષિણ આફ્રિકામાં જયાં વકીલોના અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા અને ભણેલા નવયુવકોનાં મોતીનાં દાણા જેવા અક્ષરો જોયા ત્યારે હું લજવાયો અને

પસ્તાયો. મેં જોયું કે નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણવી જોઇએ. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો પણ પાકા ઘડે કંઇ કાંઠા ચડે. જુવાનીમાં જેની મેં અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે અને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે. સારા અક્ષર શીખવા સારી ચિત્રકલા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઉપર પહોંચ્યો છું કે બાળકોને ચિત્રકળા પ્રથમ શીખવવી જોઇએ.

– ગાંધીજી

અથવા

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો. મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે. છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુઓ જુએ નહીં મેળવવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં જ પુરાઇ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે. પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. તેથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ થાય છે. આખા દેશમાં સાધનાની પરિશુધ્ધિ થયેલી ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઇ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઇ તે વાત કબૂલ કરવી પડશે.

– ટાગોર

પ્રશ્ન-3 વિરામચિહ્ન એટલે શું? એનું વિસ્તારથી મહત્વ સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 નીચેનાં વાક્યોમાં વિરામચિહ્ન મૂકીને વાક્યોને ફરીથી લખો.

(1) વાહ ધન્ય છે તારી રીતિ-નીતિને.

(2) તેનાં લોચન રાજીવ કમળ સમાન છે.

(3) હવે તમને કેમ લાગે છે કે માથું દુઃખે છે.

(4) મારો જન્મ 47માં થયો હતો.

(5) અરે આ તે કેવો માણસ કે કાંઇ સમજતો જ નથી.

(6) અદભૂત અહો સૂર્યાસ્તને આતે કેવો આહલાદક અનુભવ.

(7) પન્નાલાલ પટેલની મળેલાજીવ તમે વાંચી છે.

(8) તથાગત ભગવાન બુધ્ધ અહિંસા અને સમાનતાને જ ધર્મ કહેતા હતા.

(9) દશરથને ત્રણ પત્નિઓ હતી કૌશલ્યા કૈકયી અને સુમિત્રા.

(10) વાહ રે માનવી તારું હૈયું એક બાજુ લોહીનાં કોગળા ને બીજી બાજુ પ્રીતનાં ધુંટડા.

પ્રશ્ન-૪ તમને ગમતા કોઇ સાત રુઢિપ્રયોગોનાં અર્થ સમજાવી, વાક્યમાં એનો ઉપયોગ કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઇપણ સાત કહેવતોનો અર્થ સમજાવો.

(1) તોલે ના આવવું.

(2) બે પાંદડે થવું.

(3) ફોડી લેવું.

(4) હડિયાપટ્ટી કરવી.

(5) પગ વાળીને બેસવું.

(6) ખીલો થઇ જવું.

(7) માથે આળ ચડાવવું.

(8) નારાજ થવું.

(9) પરવારી જવું.

(10) પુષ્ટિ મળવી.

પ્રશ્ન-૫ સમાસ એટલે શું ? તે સમજાવીને દ્વન્દ્વ, તત્પુરુષ અને કર્મધારક સમાસ સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન-૫ નીચેનાંમાંથી કોઇપણ સાતનાં સમાસનો વિગ્રહ કરી ઓળખાવો.

| | | | |
|---|---|---|---|
| (1) ભરપેટ | (2) પાવન સુંદર | (3) તત્વજ્ઞ | (4) સ્થિતપ્રજ્ઞ |
| (5) સારું નરસું | (6) પંકજ | (7) માયાજાળ | (8) જન્મદાત્રી |
| (9) કાવ્યસંગ્રહ | (10) સેવાપૂજા | | |

****************